# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૭૧ | ૧ સપ્ટેમ્બર, ૨૦૧૬, ગુરૂવાર ; શ્રાવણ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન

અહીંથી કાપો

1


# સિંગૂરની જમીન પરત કરવા સુપ્રીમનો હુકમ

**૧૨ સપ્તાહમાં ખેડૂતોને સિંગૂરની ભૂમિ પરત કરવા તાતાને હુકમ : સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદાથી મમતા બેનર્જીની મોટી જીત : સિંગૂર જમીન પોતાના કબજામાં લઇ મૂળભૂત ખેડૂતોને તેમની જમીન પરત કરવા બંગાળ સરકારને હુકમ : સુપ્રીમના ચુકાદાથી ખેડૂત સમુદાયમાં ખુશી**



નવીદિલ્હી, તા. ૩૧

મહાકાય કંપની તાતા મોટર્સને મોટો ફટકો પડે અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને મોટી રાહત મળે તેવા એક ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે તાતાને સિંગૂર જમીન ફાળવણીને રદ કરવાનો આદેશ કર્યો હતો. આ ચુકાદો આવ્યા બાદ ખુશીનું મોજુ સંબંધિતોમાં પણ ફરી વળ્યું હતું. બીજી બાજુ આને લઈને જુદી જુદી પ્રતિક્રિયાઓ પણ આવી રહી છે. બંગાળની રાજનીતિમાં કોમ્યુનિસ્ટોને ત્રણ દશક જુની સત્તાથી દૂર કરનાર સિંગૂર વિવાદમાં સુપ્રીમ કોર્ટે આજે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારને આદેશ આપતા કહ્યું છે કે, તે સિંગૂરની જમીનને પોતાના કબજામાં લઈ લે અને ખેડૂતોને ૧૨ સપ્તાહની અંદર જમીન પરત કરે. વર્ષ ૨૦૦૬માં પશ્ચિમ બંગાળ સરકારે તાતા મોટર્સની નેનો પ્લાન્ટ લગાવવા માટે જમીન આપી હતી. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે, જે ખેડૂતોને વળતરની રકમ મળી ગઈ છે તેમને જમીન આપવી પડશે નહીં. કારણ કે તેઓએ છેલ્લા એક દશકથી પોતાની જીવિકાથી દૂર રહ્યા હતા. સિંગૂરમાં આ જમીન અધિગ્રહણને લઈને મોટાપાયે આંદોલન શરૂ થયું હતું. વર્ષ ૨૦૦૮માં તાતાના નેનો પ્લાન્ટને ગુજરાતમાં ખસેડવામાં આવ્યો હતો. સિંગૂરમાં આ જમીન અધિગ્રહણની સામે પ્રદેશના ખેડૂતો માર્ગો ઉપર ઉતરીને આંદોલન કર્યા હતા.

## કુખ્યાત આઈએસ સંગઠનનો ટોપ લીડર અલ-અદનાનીનું મોત

દમાશ્ક,તા. ૩૧

વિશ્વના અનેક દેશોમાં ઘાતક હુમલા કરીને ખળભળાટ મચાવનાર ખતરનાક ત્રાસવાદી સંગઠન આઈએસના પ્રવકતા અને અબુ બક્ર અલ બગદાદી બાદ સંગઠનના બીજા સૌથી મોટા લીડર અબુ મોહમ્મદ અલ અદનાની હુમલામાં માર્યો ગયો છે. તેનુ સીરિયામાં મોત થયુ છે.

## પેટ્રોલ અને ડિઝલમાં કમરતોડ ભાવ વધારો

**પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૩.૩૮, ડીઝલમાં ૨.૬૭નો વધારો : ગુજરાતમાં વેટ સાથે ભાવ વધારો વધારે રહેશે : ગુજરાતમાં પેટ્રોલમાં ૩.૫૦નો અને ડીઝલમાં ૨.૭૫નો વધારો : અમદાવાદમાં પેટ્રોલ કિંમત ૬૫.૪ રૂપિયા**

નવીદિલ્હી,અમદાવાદ, તા. ૩૧

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે કમરતોડ વધારો ઝીંકવામા આવતા તીવ્ર મોંઘવારી વચ્ચે સામાન્ય લોકોને મોટો ફટકો પડ્યો છે. ભાવ વધારો તાત્કાલિક ધોરણે અમલી કરવામાં આવ્યો છે. પેટ્રોલની કિંમતમાં વેટ અને સેલટેક્સ સિવાય લીટરદીઠ ૩.૩૮ રૂપિયાનો વધારો કરાયો છે જ્યારે ડીઝલની કિંમતમાં ૨.૬૭ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. સુધારાના દર તરત જ અમલી કરવામાં આવતા લોકોને એકાએક આશ્ચર્ય થયું હતું. બીજી બાજુ ગુજરાતમાં આ વધારો વધારે રહેશે. ગુજરાતમાં પેટ્રોલમાં વધારો લીટરદીઠ ૩.૫૦નો રહેશે. જ્યારે ડિઝલમાં આ વધારો લીટરદીઠ ૨.૭૫નો રહેશે. આનો મતલબ એ થયો કે અમદાવાદમાં પેટ્રોલની કિંમત લીટરદીઠ ૬૧.૯૦ રૂપિયાથી વધીને હવે સીધી ૬૫.૪ રૂપિયા થઈ ગઈ છે જ્યારે અમદાવાદ શહેરમાં ડિઝલની કિંમત વર્તમાન ૫૫.૯૪ રૂપિયાથી વધીને સીધી ૫૮.૬૯ રૂપિયા થઈ ગઈ છે. પેટ્રોલની કિંમતમાં ક્રૂડ ઓઈલની આંતરરાષ્ટ્રીય કિંમતમાં જોરદાર ઉછાળો નોંધાયા બાદ વધારો ઝીંકાયો છે. છેલ્લા પખવાડિયાની સરખામણીમાં ક્રૂડ ઓઈલની કિંમતમાં ૧૩ ટકાનો વધારો થઈ ચુક્યો છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા જણાવવામાં આવ્યું છે કે, પેટ્રોલિયમ પેદાશોની આંતરરાષ્ટ્રીય કિંમતોમાં વધારો થયા બાદ આ વધારો કરાયો છે. પેટ્રોલ ડિઝલની કિંમતમાં છેલ્લે ૧૫મી ઓગસ્ટના દિવસે ફેરફાર કરવામાં આવ્યા હતા.

# દિલ્હી-હૈદરાબાદમાં ભારે વરસાદ

**જનજીવન ઠપ : હૈદરાબાદમાં અતિભારે વરસાદથી સાત લોકોના મોત : દિલ્હી એનસીઆરમાં ભારે વરસાદના લીધે લોકો અટવાયા : અનેક ફ્લાઈટો રદ કરવાઈ : હજુય અતિભારે વરસાદની ચેતવણી જારી**

દિલ્હી અને એનસીઆર, ઉત્તરપ્રદેશ, હૈદરાબાદમાં અતિ ભારે વરસાદના કારણે ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. ભારે અરાજકતા વાતાવરણ આજે જોવા મળ્યું હતું. જુદી જુદી જગ્યાઓએ લોકો અટકવાઈ પડ્યા હતા. દિલ્હીમાં વાહન વ્યવહારને માઠી અસર થઈ હતી. અનેક ફ્લાઈટો પણ રદ કરવામાં આવી હતી. દિલ્હી-એનસીઆરના વિસ્તારમાં આજે ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયુ હતુ. અનેક વિસ્તારમાં ટ્રાફિક જામની સ્થિતી સર્જાઇ ગઇ હતી. દિલ્હી અને એનસીઆરમાં બુધવારે સવારથી ભારે વરસાદ થઈ રહ્યો છે. નીચાણવાળા વિસ્તારોમાં તો પાણી ભરાઈ ગયા હતા. તેજ વરસાદના કારણે સવારમાં ઓફિસ જતા લોકો જુદી જુદી જગ્યાએ અટવાયા હતા.







રીલાયન્સ ગૃપના નીતા અંબાણી બુધવારે અમદાવાદના મહેમાન બન્યા હતા... સેવાકીય અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે ઓતપ્રોત નીતા અંબાણી સામાજીક સેવાઓ અંગે માહિતીનું આદાન-પ્રદાન કર્યું હતું.... અમદાવાદના કેટલાક સ્થળોએ પ્રશ્નોત્તરી કરી વિકાસ અને કલ્યાણની માહિતી મેળવી હતી.

## વાઈબ્રન્ટ સમિટમાં પોલેન્ડ પાર્ટનર કન્ટ્રી તરીકે રહેશે

ગાંધીનગર, તા.૩૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીની ભારતસ્થિત પોલેન્ડના રાજદુત ટોમસ લુકાઝુએ ગાંધીનગરમાં આજે સૌજન્ય મુલાકાત લીધી હતી. પોલેન્ડ આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭માં પાર્ટનર કન્ટ્રી તરીકે સહભાગી થવાનું છે તેનો ફળદાયી પરામર્શ તેમણે કર્યો હતો.

મુખ્યમંત્રીએ પોલેન્ડ અને ગુજરાત વચ્ચે ઓઈલ એન્ડ ગેસ સેક્ટર, કેમિકલ્સ અને ઈજનેરી ઊદ્યોગો તેમજ એલસીડી ટીવો ઉત્પાદન, વેસ્ટ વોટર રિસાયકલીંગ, ફુડ પ્રોર્સેસીંગ જેવા ક્ષેત્રોમાં પરસ્પર સહયોગની વિપુલ સંભાવનાની ભૂમિકા આપી હતી. તેમણે પોલેન્ડ ઈન્ડિયા વચ્ચે પીપલ ટુ પીપલ કોન્ટેકના સંબંધોની સરાહના કરી હતી.

વિજય રૂપાણીએ પોલેન્ડ રાજદુત ટોમસને એમ પણ જણાવ્યું કે, આગામી ૭મી સપ્ટેમ્બરથી ૧૦ સપ્ટેમ્બર દરમ્યાન ગુજરાતનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ સંદર્ભે પોલેન્ડની મુલાકાતે જવાનું છે. તેમણે પોલેન્ડમાં વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ અંગેના રોડ શોમાં સહયોગની અપેક્ષા પણ આ તકે વ્યક્ત કરી હતી.

## રાજ્યના ૧૧ શહેરો વિમાની સેવાથી જોડાશે

ગાંધીનગર, તા.૩૧

મુખ્યપ્રધાન વિજય રૂપાણીની અધ્યક્ષતામાં આજે સવારે કેબિનેટની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકાર દ્વારા દેશના નાના શહેરોના એરપોર્ટની એક કનેક્ટિવિટી વધારવા માટે એક યોજના કરવામાં આવી છે, જેના માટે આજની કેબિનેટમાં કેન્દ્ર સરકાર સાથેના એમઓયુને મંજુરી આપવામાં આવી હતી. આ યોજના હેઠળ કેન્દ્ર સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલયની રીજનલ કનેક્ટિવિટી સ્કીમ ફોર અનસવર્લ્ડ અંડરસવર્લ્ડ એરપોર્ટ માટે એમઓયુ કરવામાં આવ્યા હતા.

રાજય સરકાર દ્વારા આ એમઓયુને મંજુરી આપવાથી રાજ્યના ૧૧ નાના શહેરોના એરપોર્ટસને સાંકળવાનો લાભ મળશે. જેમાં ભાવનગર, પોરબંદર, ભુજ, કેશોદ, કંડલા, ડીસા, અમરેલી, મહેસાણા, માંડવી, જામનગર અને સુરતને મળશે વધુ સારી એર કનેક્ટિવીટી મળવાની રાજય સરકારને આશા છે. ઉપરાંત કેબિનેટ બેઠકમાં જામનગરમાં ફલ્લામાં પાણી પુરવઠા બોર્ડને હેડવર્કસ માટે ૧૦૦૦ ચોમી સરકારી જમીન ફાળવાઈ કરવામાં આવી હતી. તેવી જ રીતે રાજકોટના કોઠારીયામાં ૬૬ કેવી સબસ્ટેશન બાંધવા માટે જેટકોને ૪૮૯૦ ચોમી સરકારી જમીનની ફાળવણી કરવામાં આવી હતી.

# જમીન માપણી વિસંગતતા દૂર કરવા માટે ઝુંબેશ હાથ ધરાશે

**રાજ્ય સરકારનો વધુ એક ખેડૂતલક્ષી નિર્ણય : જમીન માપણીના પ્રશ્નો ઓછા સમયમાં, સરળતાથી અને પારદર્શક ઉકેલવા તૈયારી : મંત્રીમંડળનો મહત્વનો નિર્ણય**

ગાંધીનગર, તા.૩૧

રાજય મંત્રીમંડળની બેઠકમાં જમીન માપણીના કેટલાક કિસ્સાઓમાં ઉભી થયેલી વિસંગતતાઓ કે નાના મોટા પ્રશ્નોના નિરાકરણ માટે અલગ અલગ રીતે કામગીરી હાથ ધરવાને બદલે હવે રાજય સરકારે પ્રશ્નોના નિરાકરણ માટે અલગ અલગ રીતે કામગીરી હાથ ધરવાને બદલે હવે રાજય સરકારે ખેડુતોના આવા પ્રશ્નોને આવા પ્રશ્નોને એક ઝુંબેશ સ્વરૂપે હલ કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. રાજયના ૧૮,૦૦૦ ગામડાઓ પૈકી ૧૭,૦૦૦ ગામડાઓમાં રી સર્વેની કામગીરી પૂર્ણ કરાઈ છે. જે દેશભરમાં શ્રેષ્ઠતમ કામગીરી છે. સર્વેની કામગીરીના આધારે કબજા હક્ક અંગેનું મહેસુલી રેકર્ડ કે જે ગામ નમૂના નંબર ૭-૧૨ તથા ગામ નમૂના નં.૬ તરીકે ઓળખાય છે. આ બંને રેકર્ડનો સમન્વય કરીને પ્રમોલગેશનની કામગીરી ચાલી રહી છે. રાજયના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે જણાવ્યું છે કે જે ગામમાં રેકર્ડ પ્રમોલગેશન થયેલ છે તેવા ગામોમાં હજુય ખાતેદારો તરફથી કેટલીક વિસંગતતાઓના નિરાકરણ માટે રજુઆતો મળેલ છે તે ખેડુતોના જમીન માપણીના પ્રશ્નોનું ઝડપથી અને આયોજનબધ્ધ રીતે નિરાકરણ કરવા રાજયના મંત્રીમંડળે નિર્ણય કર્યો છે.

પ્રમોલગેશન કરેલ રેકર્ડમાં જે વાંધાઓ રજુ થાય તેનો વહીવટી પધ્ધતિ રીતે ઝુબેશાત્મક નિકાલ થાય અને કોઈપણ જાતની અપીલ કે રીવીઝનની પ્રક્રિયા ન થાય તે સુનિશ્ચિત કરવા માટે આ નિર્ણય લેવાયો છે. નિતિન પટેલે જણાવ્યું હતું કે, રેકર્ડમાં થયેલ ફેરફારને આધારે જરૂરી એવા સુધારા વધારા કરવા માટે રેકર્ડને ઓછામાં ઓછું બે વર્ષ ખુલ્લુ રાખવામાં આવે તેવી જોગવાઈ કરવાનું પણ નક્કી કરાયું છે


આજથી શુભારંભ

ગાંધીનગર સમાચાર

'ગેરન્ટેડ ગિફ્ટ યોજના'

આ વખતે રૂપિયા ૧૬૦ના મૂલ્યની મીઠાઈની ગેરન્ટેડ ગિફ્ટ

Prem Ni Mithaas

આજે ગેરન્ટેડ ગિફ્ટ માટેનું ફોર્મ પાન નં. ૭ પર છપાયેલું છે...

● આજની પહેલી કુપન ત્રીજા પાના પર પ્રસિદ્ધ થયેલ છે....

● હવેથી રોજ કુપન પ્રથમ અથવા ત્રીજા પાને પ્રસિદ્ધ થશે...

ગાંધીનગર સમાચાર — વાંચતા રહો અને નિયમિત ગેરન્ટેડ ગિફ્ટ મેળવતા રહો...

ગાંધીનગર સમાચાર — પાટનગરનું પોતાનું અખબાર આપના અખબાર વિતરક પાસેથી ગાંધીનગર સમાચાર માંગો, આજથી જ....

વધુ વિગતો માટે સંપર્ક : ૦૭૯-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧



તાત્કાલિક કેશ લૉન

જૂની લોનના ટ્રેક ઉપર તથા ક્રેડીટ કાર્ડ ઉપર તાત્કાલિક કેશલોન મેળવો.

M. 9512816133



ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



VAIBHAV FURNISHINGS INC.

RETAIL SHOWROOM & FACTORY OUTLET

DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT

• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS

Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151

Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651